







પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સલાલ ગામમાં સવારના એકજ કોમના ગવારીયા જ્ઞાતિના બે જુથો વચ્ચે જુની અંદાવત રાખી સામ સામે લાકડીઓ ઉછડતાં ધટના સ્થળે એકનું મોત જયારે આઠને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પ્રાંતિજના સલાલ ગામે રવિવાર ના રોજ સવારે સાત વાગ્યા ના સુમોરે જુની અંદાવત રાખી બે જુથો વચ્ચે સામ સામે લાકડીઓ અને પથ્થર મારો થતાં ઉદાજી વિરમજી ગવારીયા ઉ.વર્ષ -૩૫ જેવો ને માથાના ભાંગે ભારે ઈજાઓ પહોચતા લોહી લુહાણ થતાં તેવોનું ધટના સ્થળે મોત નિપજ્યું હતું મળતી માહિતી મુજબ આરોપી ના બહેન સગુનાબેન તેના બનેવી લાલાભાઈ મોહનભાઈ ગવારીયા સાથે પ્રેમ સંબંધ થતાં લગ્ન કરી દિધેલ જે અંદાવત રાખી ફરીયાદી ને વારંમવાર કહેવામાં આવતું કે ચિત્રોડા ના સગાં સબધીઓ તારા ધરે આવવાના જોઈએ નહી તો અમે ઝગડો કરી શું તેવું કહીને અદાવત રાખી હતી. જયારે ચિત્રોડા ગામના કુટુંબીજનો આનંદ સંબધ કરવા જતા ફરીયાદીના ધરે બોલાવવા આવતાં તેવોને જોઈએ જતાં આરોપીઓએ ઈરાદો પાર પાડવા એક સપ થઈ ગેરકાયદેસર મંડળી રચીને જીલ્લા કલેકટરના જાહેર નામાનો ભગ કરી ગુનો કરતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ફરીયાદી વિરમાજી રામાજી ગવારીયારહે. સલાલ જેવોની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળ ની કાર્યવાહી હાથધરી છે જેમાં મહિલાઓ અને ત્રણ પુરુષો ને પણ શરીરે ઈજાઓ પહોચતા તેવોને પણ હિંમતનગર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા .

# શિક્ષણ નગરી ગાંધીનગરનું વધુ એક યશછોગું : એસએસવી કેમ્પસ

## સેક્ટર-૩/બીમાં આવેલ એસએસવી કેમ્પસ ઝડપથી લોકપ્રિયતા હાંસલ કરી રહ્યું છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર માત્ર રાજયનું પાટનગર ન બની રહેતા એક શિક્ષણનગરીની ઓળખ સુપેરે પ્રસ્થાપિત કરી રહ્યું છે. શહેરના શૈક્ષણિક સંકુલોમાં રાજયભરમાંથી વિદ્યાર્થીઓ ઉત્તમ કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરવા આવે છે. આ સંકુલોમાં સેક્ટર-૩/બીના એસ.એસ.વી. કેમ્પસ થકી વધુ એક યશછોગું ઉમેરાયું છે. ખૂબ જ ટૂંકા ગાળામાં આ શૈક્ષણિક સંકુલ સારી એવી લોકચાહના પ્રાપ્ત કરવામાં સફળ રહ્યું છે.

દિવસમાં બે વાર શિક્ષણ આપતી શાળા તરીકે ઓળખ જમાવતું એસએસવી કેમ્પસ ધોરણ-૧થી ૮ના બાળકો માટે અંગ્રેજી તથા ગુજરાતી એમ બંને માધ્યમનું શિક્ષણ આપે છે. પ્રત્યેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫ સુધી મર્યાદિત રાખવા સાથે બાળકોની દર અઠવાડિયે ૩ ટેસ્ટ અને દર મહિને વાલી મિટીંગ દ્વારા અભ્યાસની પ્રગતિની સંભાળ લેવાય છે. વ્યાજબી ફી સ્ટ્રક્ચર સાથે ફી ભરવામાં હપ્તા પદ્ધતિનો પણ ઓપ્શન આપી એસએસવી કેમ્પસ વાલીઓની આર્થિક પરવડતાનો પણ એટલો જ ખ્યાલ રાખે છે. દૂરથી આવતા વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટ સુવિધા, સીબીએસઈ લેવલનો અભ્યાસક્રમ, વર્ષોના અનુભવી વિષય નિષ્ણાંત શિક્ષકો જેવી સુવિધાઓ સાથે કેમ્પસ વિદ્યાર્થીઓમાં પણ પસંદગીનું સ્થળ બની રહ્યું છે.

એસએસવી કેમ્પસમાં પ્રાથમિક વિભાગમાં અનુભવી અને હોંશિયાર શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. બાળકોને અંગ્રેજીનો 'હાઉ' દૂર થાય તથા સરળતાથી અંગ્રેજી શિખી શકે તે માટે અંગ્રેજી બોલવાનો આગ્રહ રાખી યોગ્ય વાતાવરણ ઉભું કરાય છે. બાળકોને અલગથી ટ્યૂશન રાખવાની ઝંઝટ ન રહે તે માટે દિવસમાં બે વાર શિક્ષણ અપાય છે. જેમાં પુનરાવર્તનને ખાસ મહત્ત્વ અપાય છે. વળી, સાળામાં શૈક્ષણિક ઉપરાંત બિનશૈક્ષણિક અને સ્પોટ્ર્સ પ્રવૃત્તિઓને પણ સમાન મહત્ત્વ આપવામાં આવે છે. આ શાળાની ખાસ બાબત એ છે કે અહીં દરેક વિષયમાં માતૃ-શિક્ષકની નિમણૂક કરવામાં આવે છે જેથી તે વિષય પર પુરતું ધ્યાન આપી વિદ્યાર્થીઓની મૂંઝવણનો સરળતાથી ઉકેલ આપી શક્ય તથા જે તે વિષય વસ્તુનું સઘન જ્ઞાન આપી શકાય. આ માટે સંસ્થામાં લાંબા સમય સુધી કાર્યરત રહી શકે તેવા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે.

### બીસીસીઆઈ પ્રમુખ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉમેદવારીપત્ર ભરવામાં આવનાર હતા પરંતુ અનુરાગ ઠાકુરને બાદ કરતા અન્ય કોઈએ પણ ઉમેદવારી નોંધાવી ન હતી જેનાથી સ્પષ્ટતા થઈ ગઈ હતી કે, અનુરાગ ઠાકુર જ બોર્ડના આગામી પ્રમુખ તરીકે બનશે. મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ અજય શિરકેની બીસીસીઆઈના સેક્રેટરી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૮ બાદ પ્રથમ વખત બીસીસીઆઈના પ્રમુખ તરીકે કોઈ રાજકારણીની નિમણૂંક કરવામાં આવી છે. ક્રિકેટ બોર્ડ ઉપર પણ રાજનેતાઓનું જ વર્ચસ્વ ફરીએકવાર થઈ ગયું છે. આની ઘણી વખત ટિકા ટિપ્પણી પણ થઈ છે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવાર ૨૦૦૫થી ૨૦૦૮ વચ્ચેના ગાળામાં બોર્ડના પ્રમુખ તરીકે હતા. શશાંક મનોહરે આઈસીસીના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ બીસીસીઆઈના પ્રમુખ પદેથી રાજીનામુ આપ્યું હતું. તેમના ગાળા દરમિયાન અનુરાગ ઠાકુર સેક્રેટરી તરીકે હતા.

### પાણીનું જતન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. માનવ જાતિએ જ પ્રકૃતિને નષ્ટ કરીને પોતાના માટે વિનાશના રસ્તા ખોલી દીધા છે. પાંચમી જૂનના દિવસે વિશ્વ પર્યાવરણ દિવસ છે. પાણી અને પર્યાવરણનું રક્ષણ કરાશે તેવા સંકલ્પ લેવાનો સમય આવી ગયો છે. અમને એવા સંકલ્પ લેવા પડશે કે વરસાદના ચાર મહિનામાં પાણીનો બિલકુલ યોગ્યરીતે ઉપયોગ કરવામાં આવશે. વડાપ્રધાને દેશમાં દુષ્કાળની સ્થિતિ અંગે વાત કરતા કહ્યું હતું કે, દુષ્કાળગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે જુદી જુદી બેઠક કરી ચુક્યા છે. ગુજરાત અને આંધ્રપ્રદેશે દુષ્કાળનો સામનો કરવા માટે ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કર્યો છે. દુષ્કાળનો સામનો કરવા માટે જનભાગીદારીની પણ મહત્વપૂર્ણ ભૂમિકા છે. દુષ્કાળનો સામનો કરવા કેટલાક રાજ્યોએ શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છે.

### કોંગ્રેસ જવાબદાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી સરકાર લોકોની વચ્ચે જાય છે અને પ્રજાના પ્રશ્નો ઉકેલે છે અને જો તમને તાયફા લાગતા હોય તો વર્ષમાં ત્રણ વાર આ લોકસંવેદના કાર્યક્રમ અમારી સરકાર કરશે. અમારું કામ સેવા છે. સત્તા એ તો સાધન છે. અમે સૌનો સાથ સૌના વિકાસમાં માનીએ છીએ. સ્માર્ટ વિલેજ એ સૌની ભાગીદારી સાથે ગ્રામીણ વ્યવસ્થાપનમાં ૨૧મી સદીના બદલાવની દિશામાં મહત્વનું કદમ છે. જેમાં સ્વચ્છતા હશે, સ્વસ્થતા હશે, સમરસતા હશે, શિક્ષણ હશે અને સમૃધ્ધિ પણ હશે.

### ગીધની ગણતરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારી દ્વારા કરવામાં આવ્યુ હતુ જો કે આ સર્ચિંગના અંતે પણ આ વિસ્તારમાંથી દિપડા કે રીંછના કોઈ સગડ મળ્યા ન હોવાનુ વન તંત્ર દ્વારા જણાંવાયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ આગામી તા ૨૮ અને ૨૯ મે ના રોજ ગીધની ગણતરી માટે સર્વે હાથ ધરાશે.

### અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

કૉંગ્રેસ સરકારને ઉથલાવવા માટે રાષ્ટ્રપતિ શાસન લાદ્યું, પરંતુ સુપ્રીમ કૉર્ટના નિર્દેશ અને નિગરાની હેઠળ કૉંગ્રેસના નેતા હરીશ રાવતે વિધાનસભામાં બહુમતી પૂરવાર કરી એટલે મોદીનો દાવ ખાલી ગયો. 'સામના'ના તત્રી અનેં શિવસેના પ્રમુખ ઉદ્ધવ બાળ ઠાકરેએ મોદીને ઉપદેશ કરતાં સત્તાની તલવારને બેધારી તલવાર ગણાવીને પોતાનું નાક એ જ તલવારથી કપાવ્યાની કથા માંડીને મિત્રપક્ષ ભાજપના સુપ્રીમ નેતા નરેન્દ્ર દામોદરદાસ મોદીને હિટલર ગણાવ્યા છે. હકીકતમાં મોદીને હિટલર ગણાવીને ઉદ્ધવ પોતાના પિતા બાળ ઠાકરેના હિટલરપ્રેમને એ વીસારે પાડે છે. ઉદ્ધવ લોકશાહીની દુહાઈ દે છે ત્યારે બાળાસાહેબના તાનાશાહ વર્તન, હિટલરપ્રેમ, લોકશાહીને બદલે ઠોકશાહીમાં વિશ્વાસને પ્રતાપે જ પોતે આજે શિવસેના પ્રમુખ હોવાની વાતને પણ ભૂલી જાય છે. રાજકીય પક્ષોની નેતાગીરી ટકાવવા અને સરકારો ચલાવવા માટે પ્રત્યેક તબક્કે લોકશાહી ઢબે જ નિર્ણયો લઈ શકાય એવું બને નહીં. લોકશાહી ઢબે ચૂંટણીમાં મોદીના પક્ષ ભાજપને લોકસભામાં સ્પષ્ટ બહુમતી મળ્યા છતાં તેમણે મિત્રપક્ષોને પણ પ્રધાનમંડળમાં સામેલ કર્યા છે. શક્ય છે કે શિવસેનાના આવા જ અટકચાળા ચાલુ રહ્યા તો મોદી એમના પક્ષને ્રીય લોકતોંરચા (એનડીએ)માંથી તગેડી મૂકી સત્તાથી વંચિત કરી દેં અને ઠોકશાહીમાં રાષ્ટત્રિક મા. હિટલરના આદશરખાતી શ્રદ્ધામાંથી લોકશાહીમાં આસ્થા ધરાવતા થયેલા મનાતા ઉદ્ધવ ઠાકરેનું જે થવાનું હોય તે થાય, પણ દેશનું શું એમનાં વક્તવ્યોમા આસ્થા ધરાવતા થયથશની ચિંતા અં જરૂર પડઘાય છે.

ક્યારેક ભાજપ અને સંઘનું સમર્થન કરનાર મહાપુરુષો કે પત્રકારશિરોમણિઓનાં અનુકૂળ અવતરણો ભાજપ કે સંઘનાં મુખપત્રોમાં નોંધવામાં આવે છે. મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર વગેરેનાં સંઘ કે સંઘની વ્યક્તિઓ કે જનસંઘ-ભાજપ વિષયક અનુકૂળ નિવેદનોને ખૂબ જ ઊછાળવામાં આવે છે. સંઘની મહાત્મા ગાંધીની હત્યામાં સંડોવણી વિશે સરદાર પટેલના એક જ પત્રમાંથી અનુકૂળ અવતરણો મૂકી ભાજપ નેતા લાલકૃષ્ણ અડવાણી પોતાના બ્લૉગમાં સરદાર થકી સંઘને ક્લિનચીટ અપાયાનો દાવો કરતા જોવા મળ્યા છે. અડવાણીને ક્યારેક ટેકો આપનાર પત્રકાર શિરોમણિ ખુશવંત સિંહ ૨૦૦૪માં પ્રકાશિત પુસ્તક 'ધ ઍન્ડ ઑફ ઈન્ડિયા'માં સંઘ પરિવારનાં સંગઠનોની ફાસિસ્ટ વૃત્તિનાં જે બયાન કરે છે એનું અનુકૂળતાએ વિસ્મરણ કરવામાં આવે છે. ખુશવંત સિહ નોંધે છે : ''થોડાંક વર્ષો લગી મને દેશમાં ફાસીવાદનું જોખમ મારા તરંગી દિમાગના તુક્કા સમાન લાગતું હતું. આજે એવું લાગતું નથી. ભારતીય સ્વરૂપનો ફાસીવાદ ઘરના ઉંબરે આવીને ઊભો છે. ભારતીય ફાસીવાદના મુખ્ય સમર્થક તો નાયબ વડા પ્રધાન એલ. કે. અડવાણી છે. તેમણે ઈમર્જન્સી દરમિયાનના જેલવાસ વખતે ઍડોલ્ફ હિટલરની આત્મકથા 'મારો સંઘર્ષ' (મૈઈન કામ્ફ) વાંચી હતી. ભારતીય ફાસીવાદનું વરવું ચિત્ર ઉપસાવનાર તો શિવસેનાના વડા બાળ ઠાકરે છે, જે ખુલ્લેઆમ હિટલરને સુપરમેન તરીકે બિરદાવતા ફરે છે. એનો (ભારતીય ફાસીવાદનો) મુખ્ય અમલકર્તા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી છે અને એના માટેના ઉધામા મારનારાઓમાં સિંહલો, ગિરિરાજ કિશોરો, તોગડિયાઓ અને એવા બીજા ઘણા છે.'' (ધ ઍન્ડ ઑફ ઈન્ડિયા : પૃષ્ઠ ૫૩-૫૪)

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

મહિલા મુખ્યમંત્રીના નેતૃત્વમાં
મહિલાઓ બની સુરક્ષિત અને સમર્થ

ગતિશીલ ગુજરાત ૨ વર્ષ
સર્વાંગી વિકાસની ઉપલબ્ધિ

ગતિશીલ ગુજરાતમાં
નારી સશક્તિકરણના નક્કર પગલાં

- મહિલાઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સશક્તિકરણને વિશેષ પ્રાધાન્ય : સતત ત્રીજી વખત જેન્ડર બજેટઃ કુલ ૬૧૧ યોજનાઓ પૈકી ૧૨૫ યોજનાઓ ૧૦૦ ટકા મહિલાલક્ષી:મહિલા કલ્યાણની યોજનાઓ થકી રૂા. ૨૦૩૨ કરોડની સહાય
- નારી સલામતિ માટે ૧૮૧ અભયમ્ સેવાઃ મહિલાઓને આપત્તિના સમયે સલાહ, બચાવ, સહાય અને માર્ગદર્શન માટે હેલ્પલાઈનનો રાજ્યભરમાં અમલ
- રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્યકક્ષાએ મહિલા સુરક્ષા સમિતિઓની રચના
- સુરક્ષા સેતુ યોજના : ૫ લાખ મહિલાઓને સ્વરક્ષાની સઘન તાલીમ
- પોલીસ ભરતી સહિત તમામ સરકારી ભરતીઓમાં ૩૩ ટકા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા અનામતનો અભૂતપૂર્વ નિર્ણય
- ગરીબ પરિવારોની દીકરીઓની જીએમઈઆરએસ અને ખાનગી મેડિકલ કોલેજના એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ માટેની ટ્યુશન ફી સરકાર ભરશે
- ગુજરાતની દીકરી સિવિલ સર્વિસીસ માટેની પ્રિલિમ પરીક્ષા પાસ કરે તો મેઈન પરીક્ષાની તૈયારી માટે રૂા. ૬૦,૦૦૦ અને ઈન્ટરવ્યૂની તૈયારી માટે રૂા.૩૦,૦૦૦ની રોકડ સહાય
- પીડિત મહિલાઓને ઘરઆંગણે ન્યાય :રાજ્યમાં ૧૮૪ નારી અદાલતોઃ વર્ષ ૨૦૧૬-૧૭માં વધુ ૭૫ નારી અદાલતોના નિર્માણ સાથે તમામ તાલુકામાં નારી અદાલતો
- મહિલા ઉદ્યોગ સાહસિકો માટે સાણંદ, હાલોલ અને ઝૂનેદ(ભરૂચ)માં મહિલા ઔદ્યોગિક પાર્કનું નિર્માણ
- ગર્ભાશયના મુખ અને સ્તન કેન્સર માટે ૯૦ લાખ જેટલી મહિલાઓનું સ્ક્રીનિંગઃ સરકારી સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલોમાં મફ્ત નિદાન - સારવાર
- લ્યુકેમિયા કેન્સર સહિતના ગંભીર પ્રકારના સ્ત્રી રોગો માટે રૂા. ૧૫ લાખથી વધુની સહાય
- અમદાવાદમાં માતા અને બાળકો માટે સ્પેશિયાલિટી મધર એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલ



શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Visit http://www.gujaratinformation.net
www.facebook.com/gujaratinformation.official
www.twitter.com/infogujarat